
# શિક્ષણ સાગર એપ્લીકેશન દ્વારા સંપાદિત

# પત્રક A ના નિષ્પત્તિ આધારિત પ્રશ્નો



## ધોરણ – ૪


# પર્યાવરણ



## સત્ર – ૨









વર્ગ શિક્ષકશ્રીનું નામ : ..........................................................

વર્ગ : ..............

શાળાનું નામ : ..............................................................

તાલુકો : ........................... જિલ્લો : ...............................

**ધોરણ ૧ થી ૮ ની અધ્યયન નિષ્પત્તિ અને પાઠ આયોજન મેળવવા માટે ગુગલ પ્લે સ્ટોર પરથી શિક્ષણ સાગર એપ ડાઉનલોડ કરો.**

શિક્ષણ સાગર

# પ્રાસ્તાવિક

## સંરચનાત્મક કે વિકાસાત્મક મૂલ્યાંકન

વિદ્યાર્થીઓની સિદ્ધિનું સ્તર જાણવા અને વિદ્યાર્થીઓની સિદ્ધિ પરથી નિદાન કરવા સંરચનાત્મક મૂલ્યાંકનનો ઉપયોગ થાય છે. વર્ગશિક્ષણ સાથે મૂળભૂત રીતે સંકળાયેલ આ પ્રકારનું મૂલ્યાંકન વિદ્યાર્થીને માહિતી અપાયા બાદ, માહિતી વિતરણના કોઈ ચોક્કસ તબક્કે એટલે કે વિષયવસ્તુના કોઈ એક નિશ્ચિત એકમના શિક્ષણ બાદ કરી શકાય. આ પ્રકારનું મૂલ્યાંકન વિદ્યાર્થીઓને પ્રેરણા પૂરી પાડે છે અને શિક્ષકો માટે અધ્યાપન અભિગમ સુધારવાની દિશા સ્પષ્ટ કરે છે. આ પ્રકારનું મૂલ્યાંકન અધ્યયન - અધ્યાપન પ્રક્રિયાના અંતર્ગત ભાગ તરીકે સ્વીકારાયેલ છે, મૂળભૂત રીતે વર્ગીશિક્ષણ સાથે સંકળાયેલ છે.

એકમ કસોટીઓ, શિક્ષક નિર્મિત અનૌપચારિક કસોટીઓ, સ્વાધ્યાયો, વિદ્યાર્થીની કચાશ પારખતી નિદાન કસોટીઓ વગેરે દ્વારા સંરચનાત્મક મૂલ્યાંકન હાથ ધરી શકાય. ટૂંકમાં કહીએ તો સંરચનાત્મક મૂલ્યાંકન વિષયવસ્તુની ચોક્કસ બાબતોના સંદર્ભમાં વિદ્યાર્થીઓનું પ્રવર્તમાન સિદ્ધિ સ્તર જાણવા માટે હાથ ધરાય છે. સંરચનાત્મક મૂલ્યાંકન એ સતત અને સર્વગ્રાહી રીતે ચાલતી અધ્યયન માટેના મૂલ્યાંકનની પ્રક્રિયા છે.

શાળાઓમાં વિદ્યાર્થીઓના સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન માટે યોજના તૈયાર કરતાં વિદ્યાર્થીઓના વિકાસના વિવિધ પાસાંને ધ્યાનમાં રાખી સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકનની યોજનાને નીચેના જેવા ચાર વિભાગમાં વહેંચી શકાય:

(1) બૌદ્ધિક બાબતોના અભ્યાસના વિષયોનું મૂલ્યાંકન

(2) શારીરિક ક્ષમતા, સ્વાસ્થ્ય અને ઉત્પાદક કૌશલ્યોનું મૂલ્યાંકન

(3) સામાજિક ગુણો, શક્તિઓ અને સમજનું મૂલ્યાંકન

(4) વિવિધપ્રકારનાં મૂલ્યો, વલણો, અભિરુચિઓ, પસંદગીઓ અને દષ્ટિકોણનું મૂલ્યાંકન

ઉપરોક્ત વિભાગોને ધ્યાનમાં રાખી ક્યા વિભાગનું મૂલ્યાંકન કોણ કરશે, કઈ રીતે કરશે. વગેરે બાબતો શાળાના સમગ્ર શિક્ષકોની સક્રિય મદદ લઈ સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકનની યોજના તૈયાર કરવી જોઈએ. આ યોજના અમલમાં મૂક્યા પછી તેમાં જણાઈ આવતી ઉણપો સુધારી દર વર્ષે સુધારા- વધારા સાથેની યોજના અપનાવવી જોઈએ.

## સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન (SCE) બાબત માર્ગદર્શન

સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન (SCE) બાબત માર્ગદર્શન @ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સિદસર – ભાવનગર. સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન સંદર્ભે તાલીમમાં વારંવાર કેટલાંક પ્રશ્નો પુછવામાં આવતાં હોય છે તે બાબતે અહીં કેટલીક સ્પષ્ટતાઓ કરવામાં આવી છે.

**પ્રશ્ન : નવી અધ્યયન નિષ્પત્તિઓ જીસીઈઆરટી દ્વારા આપવામાં આવી છે તે કઇ રીતે ઉપયોગમાં લેવી ?**

**જવાબ** : નવા પાઠ્યપુસ્તક સાથે તેમની અધ્યયન નિષ્પત્તિઓ પણ જીસીઈઆરટી દ્વારા તેમની વેબસાઈટ www.gcert.gujarat.gov.in પર મુકવામાં આવી છે . યાદ રાખીએ કે આ અધ્યયન નિષ્પત્તિઓ આદર્શ રીતે આપેલાં વિષયવસ્તુને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવી છે . આ અધ્યયન નિષ્પત્તિઓમાં મુખ્ય નિષ્પત્તિ અને જરૂર મુજબ તેની પેટા અધ્યયન નિષ્પત્તિઓની યાદી આપવામાં આવી છે . સાથે જ જે - તે અધ્યયન નિષ્પત્તિનાં અધ્યયન - અધ્યાપન માટેની પ્રવૃત્તિ પણ આપવામાં આવી છે . જ્યારે પણ આપણે વિદ્યાર્થીને અધ્યયન - અધ્યાપનનાં અનુભવ પુરા પાડીએ તેમાં આ પ્રવૃત્તિઓ કરાવવાની છે.

પ્રશ્ન : પત્રક - A માટે અધ્યયન નિષ્પત્તિઓ કેવી રીતે પસંદ કરવી અને ક્યારે કરવી ?

જવાબ : પત્રક - A જેને આપણે રચનાત્મક મૂલ્યાંકન તરીકે ઓળખીએ છીએ . આ ★અનૌપચારિક★ મૂલ્યાંકન સ્વરૂપનાં માળખામાં સમાવિષ્ટ છે . જ્યારે અધ્યયન - અધ્યાપનની પ્રક્રિયા ચાલતી હોય તે દરમિયાન ★અનૌપચારિક★ રીતે ★જ★ જે અધ્યયન નિષ્પત્તિઓ ચકાસી શકાય તેમ હોય તેવી અધ્યયન નિષ્પત્તિઓને રચનાત્મક મૂલ્યાંકન માટે પસંદ કરી શકાય . આ અધ્યયન નિષ્પત્તિઓની પસંદગી અને મૂલ્યાંકન શિક્ષકની વિશિષ્ટ આવડત માંગી લે તેવું કામ છે . આ માટેની અધ્યયન નિષ્પત્તિઓ શિક્ષકે અગાઉથી જ સત્રારંભે નક્કી કરી લેવી જોઇએ જેથી જે - તે અધ્યયન નિષ્પત્તિનાં અધ્યાપન કાર્ય વખતે મૂલ્યાંકનનું આગોતરૂં આયોજન થઈ શકે અને સાતત્યતાપૂર્ણ મૂલ્યાંકન થઇ શકે .

પ્રશ્ન : જીસીઈઆરટી દ્વારા આપવામાં આવેલી અધ્યયન નિષ્પત્તિની યાદીમાં ૨૦ કરતાં વધારે અધ્યયન નિષ્પત્તિઓ આપવામાં આવી છે તો અધ્યયન નિષ્પત્તિઓ કેમ લેવી ?

જવાબ : જીસીઈઆરટી દ્વારા જે અધ્યયન નિષ્પત્તિઓની યાદી આપવામાં આવી છે તે અધ્યયન - અધ્યાપન માટેની યાદી છે . જ્યારે આપણે મહત્તમ ૨૦ અધ્યયન નિષ્પત્તિ લેવાની વાત કરીએ છીએ ત્યારે ધ્યાન રાખીએ કે આપણે અનૌપચારિક મૂલ્યાંકન પત્રક- A ની વાત કરીએ છીએ . અનૌપચારિક રીતે મૂલ્યાંકન થઈ શકે તેવી મહત્તમ ૨૦ પ્રતિનિધિરૂપ ક્ષમતા જ પત્રક -A માટે લેવાની છે .

પ્રશ્ન : એકમ કસોટીમાં આપવામાં આવેલી અધ્યયન નિષ્પત્તિઓનાં આધારે રચનાત્મક મૂલ્યાંકન પત્રક - A માં મૂલ્યાંકન નોંધ કરી શકાય ?

જવાબ : એકમ કસોટી નિશ્ચિત માળખામાં લેવામાં આવે છે . અને તે લેખિત પ્રકારની એટલે ઔપચારિક પ્રકારની કસોટી છે જ્યારે રચનાત્મક પત્રકમાં અનૌપચારિક મૂલ્યાંકનની વાત છે . એકમ કસોટી જે - તે એકમ અથવા એકમોનાં અંતે લેવામાં આવે છે જ્યારે રચનાત્મક મૂલ્યાંકન પત્રક - A સતત થતાં મૂલ્યાંકનનો ભાગ છે જે અધ્યયન - અધ્યાપન પ્રક્રિયા દરમિયાન થાય છે

પ્રશ્ન - રચનાત્મક મૂલ્યાંકન પત્રક - A માટે જો મૌખિક પ્રશ્નો પૂછવામાં આવ્યા હોય તો તેનો આધાર કેવી રીતે રાખવો ?

અથવા પત્રક- A ના મૂલ્યાંકનનાં આધાર કેવી રીતે રાખવાં ?

જવાબ: અગાઉ એક પ્રશ્નના જવાબમાં વાત થઇ . રચનાત્મક મૂલ્યાંકનમાં એવી અધ્યયન નિષ્પત્તિઓની પસંદગી કરવામાં આવે છે જેનું મૂલ્યાંકન અનૌપચારિક રીતે કરવામાં આવતું હોય આ પ્રકારનાં મૂલ્યાંકન માટે શિક્ષકે આગોતરૂં આયોજન કરવું પડે તે પણ આપણે જાણ્યું . હવે વાત કરીએ આધારોની તો તમે જે - તે અધ્યયન નિષ્પત્તિ પત્રક - A માટે લીધી હોય તે માટે મૂલ્યાંકન પદ્ધતિનું આગોતરૂં આયોજન તો કર્યું જ હોય છે . આ આયોજન પણ તમારો આધાર બની શકે.

દૈનિકબુકમાં પણ મૂલ્યાંકન નોંધમાં તમે તે નોંધ્યું હશે . તમે રચનાત્મક મૂલ્યાંકન માટે કોઇ અનૌપચારિક ક્રિયાત્મક કસોટી નક્કી કરી હોય તો તેમાં વિદ્યાર્થીએ કરેલાં કામને આધાર તરીકે રાખી શકાય , મૌખિક પ્રશ્નોત્તરી અથવા ક્યારેક સામુહિક અનૌપચારિક મૂલ્યાંકન વખતે આધાર ન હોય તો ચાલી શકે પણ મૂલ્યાંકન સાતત્યતાપૂર્ણ કરવામાં આવ્યું હોય તે જરૂરી છે . ઉદાહરણ તરીકે કોઇ એક અધ્યયન નિષ્પત્તિ માટે શિક્ષકશ્રી દ્વારા મૌખિક પ્રશ્નોત્તરી કરવામાં આવી હોય અને તેનાં આધારે રચનાત્મક પત્રક - A માં સિદ્ધિની નોંધ કરવામાં આવી હોય . હવે ફરીવાર જ્યારે અનૌપચારિક મૂલ્યાંકન કરવામાં આવે ત્યારે અપવાદ અને સહજ અમુક વિદ્યાર્થી બાદ કરતાં બાકીનાં વિદ્યાર્થીઓ જવાબ આપી શકે તે આવશ્યક છે .

👉 પરિપત્ર ડાઉનલોડ કરો

માનનીય હરેશભાઈ ચૌધરી સાહેબનો રચનાત્મક મૂલ્યાંકન આધારિત વિડીયો જોવા અહી ક્લિક કરો

સંદર્ભ : Guidance on Continuous and Comprehensive Assessment (SCE) @ District Education and Training Bhavan, Sidsar – Bhavnagar

ધ્યાનમાં રાખવાની વાત : અહી આપેલ પત્રક A અને નીચે આપેલ પ્રશ્નો એ ફક્ત નમુના રૂપ છે શિક્ષક મિત્રો તમે તમારા ધોરણ માં વર્ગ ની પરિસ્થિતિ મુજબ અધ્યયન નિષ્પતિ માં બદલાવ કરી શકો છો..

શિક્ષણ સાગર એપ્લીકેશન ટીમ

# રચનાત્મક મુલ્યાંકન પત્રક　　વિષય - પર્યાવરણ　　ધોરણ - ૪　　(દ્રિતીય સત્ર)

**શાળાનું નામ :**　　**તા.**　　**પત્રક :- A**　　**સને: 2022-23**

| ક્ર.નં. | વિદ્યાર્થીનું નામ | 14. રાજુનું ખેતર | | | 15. બજારથી ઘર સુધી | 16. કામનો મહિનો | | 17. તેજલ અમદાવાદ માં | 18. ગામ ગામનાં પાણી | | 19. સાથે જમીએ | 20. ખોરાક અને મજા | 21. જગત મારા ઘરમાં | 22. પટોળાં | | 23. દેશ–પરદેશ | | 24. મસાલેદાર કોયડા | | 25. મારો જીલ્લો | | શિક્ષણ સાગર | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | EV401 આસપાસ જેવા મળતી વનસ્પતિનાં મૂળ, ફૂલ અને ફળોનાં સાદાં લક્ષણોને ઓળખે છે. | EV405 રોજિંદા જીવનમાં (ખેતી, બાંધકામ, કલા, હસ્તકલા વગેરે)કૌશલ્યોનું વર્ણન કરે છે | EV406 ખોરાક, પાણી, કપડાં જેવી મૂળભૂત જરૂરિયાતોના ઉત્પાદન અને વિતરણની પ્રક્રિયા સમજાવે છે. | EV406 ખોરાક, પાણી, કપડાં જેવી મૂળભૂત જરૂરિયાતોના ઉત્પાદન અને વિતરણની પ્રક્રિયા સમજાવે છે | EV402 પક્ષીઓ અને પ્રાણીઓમાં રહેલ વિવિધતાઓને ઓળખે છે. | EV404 મોટાં કે નાના સમૂહમાં રહેતાં પ્રાણીઓમાં થતા ફેરફારોને સમજાવે છે. | EV403 વિસ્તૃત બનતા કુટુંબના સભ્યો સાથે પોતાના અને સભ્યોના પરસ્પરના સંબંધોને ઓળખે છે | EV406 ખોરાક, પાણી, કપડાં જેવી મૂળભૂત જરૂરિયાતોના ઉત્પાદન અને વિતરણની પ્રક્રિયા સમજાવે છે | EV409 ગુણધર્મો અને ઘટનાઓનું અનુમાન કરે છે, પ્રમાણિત અને બિનપ્રમાણિત એકમોની ચકાસણી કરે છે | EV414 જોયેલ અને અનુભવેલ (શાળા/પરિવાર/પડોશની) બાબતો અંગે અનુભવે છે | EV410 પોતાના અવલોકનો, અનુભવો, વસ્તુઓ અંગેની માહિતી, પ્રવૃત્તિઓ, મહત્વની ઘટનાઓ કે મુલાકાત લીધેલ સ્થળો અંગે અલગ રીતે નોંધ કરે છે | EV403 વિસ્તૃત બનતા કુટુંબના સભ્યો સાથે પોતાના અને સભ્યોના પરસ્પરના સંબંધોને ઓળખે છે. | EV405 રોજિંદા જીવનમાં (ખેતી, બાંધકામ, કલા, હસ્તકલા વગેરે)કૌશલ્યોનું વર્ણન કરે છે | EV407 ભૂતકાળ અને વર્તમાનકાળની વસ્તુ અને પ્રવૃત્તિઓ વચ્ચેનો તફાવત સમજે છે. | EV409 ગુણધર્મો અને ઘટનાઓનું અનુમાન કરે છે, પ્રમાણિત અને બિનપ્રમાણિત એકમો (જેમકે કિલોગ્રામ, ગજ, પગલાં, ડગલાં, મીટર વગેરે) દ્વારા અવકાશી જથ્થા નો અંદાજ કાઢે છે તથા સાદા અને હાથવગા ઉપાયો દ્વારા કાર્યકારણ સંબંધની ચકાસણી કરે છે. | EV412 સાઇનબોર્ડ, પોસ્ટર, નાણું (નોટ/ સિક્કા), રેલવે ટિકિટ, સમયપત્રક વગેરે માહિતીનો ઉપયોગ કરે છે. | EV406 ખોરાક, પાણી, કપડાં જેવી મૂળભૂત જરૂરિયાતોના ઉત્પાદન અને વિતરણની પ્રક્રિયા સમજાવે છે. | EV415 સ્વચ્છતા અંગેનાં તથા સંસાધનોના કરકસરયુક્ત અને પુનઃઉપયોગ, પુનઃનિર્માણ અંગેના ઉપાયો સૂચવે છે. | EV410 પોતાના અવલોકનો, અનુભવો, વસ્તુઓ અંગેની માહિતી, પ્રવૃત્તિઓ, મહત્વની ઘટનાઓ કે મુલાકાત લીધેલ સ્થળો અંગે અલગ રીતે નોંધ કરે છે | EV411 નકશામાં દર્શાવેલા ચિહ્નો, સ્થળો અને દિશાઓ વગેરે ઓળખે છે અને તેના આધારે દિશા સૂચવે છે. | સત્રાંતે વિદ્યાર્થીઓ એ મેળવેલ જે તે નિશાની ઓની કુલ સંખ્યા | | | ૪૦ માંથી મેળવેલ ગુણ |
| | | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 | 15 | 16 | 17 | 18 | 19 | 20 | √ | ? | × | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |

## 14. રાજુનું ખેતર

1 EV401 આસપાસ જોવા મળતી વનસ્પતિનાં મૂળ, ફૂલ અને ફળોનાં સાદાં લક્ષણોને ઓળખે છે.

2 EV405 રોજિંદા જીવનમાં (ખેતી, બાંધકામ, કલા, હસ્તકલા વગેરે) કૌશલ્યોનું વર્ણન કરે છે

**તમારા ખેતરમાં નીચે આપેલી પરિસ્થિતિઓ ઉદભવે ત્યારે તમે શું કરશો ?**

(૧) પાકમાં નિંદામણ વધી ગયું છે ?.........................................

(૨) પાકને જીવજંતુઓ થી બચાવવા .........................................

(૩) પાકને ઉધઈ લાગી છે ? .........................................

(૪) જમીનની ફળદ્રુપતા વધારવા .........................................

(૫) ખેતરમાં પાકનું ઉત્પાદન વધારવા .........................................

.........................................................................................

3 EV406 ખોરાક, પાણી, કપડાં જેવી મૂળભૂત જરૂરિયાતોના ઉત્પાદન અને વિતરણની પ્રક્રિયા સમજાવે છે.

**તમારા વિસ્તારમાં થતા ખેતીના એક પાકના ઉત્પાદનના તબક્કા વિષે લખો.**

.........................................................................................

.........................................................................................

.........................................................................................

.........................................................................................

.........................................................................................

.........................................................................................

.........................................................................................

શિક્ષણ સાગર

# 15. બજારથી ઘર સુધી

**4 EV406 ખોરાક, પાણી, કપડાં જેવી મૂળભૂત જરૂરિયાતોના ઉત્પાદન અને વિતરણની પ્રક્રિયા સમજાવે છે**

**નીચે આપેલ ફકરાના આધારે તેની નીચે આપેલ પ્રશ્નોના જવાબ આપો.**

મમ્મી, છોટુ અને હું આગલા દિવસની શાકભાજી કોથળામાં ભરીએ અને તેના પર થોડું પાણી છાંટીએ છીએ. સવારે ૬.30 વાગે પિતાજી તાજાં શાકભાજી ભરેલા બાસ્કેટ અને કોથળા લઈ પાછા ઘરે આવે છે. તે સમયે અમારું ઘર નાની શાકભાજીની મંડી જેવું લાગે છે. બધી બાજુ રીંગણા, બટાટા, ટામેટાં, ભીંડા, દૂધી, મરચાં અને બીજાં શાકભાજી હોય છે. દરેક જણ શાકભાજી અલગ કરવામાં મદદ કરે છે. જે શાકભાજી પાકેલાં નથી અને વેચવાલાયક ન હોય તેને એક તરફ કરવામાં આવે છે. અમારે શાકભાજી ખૂબ જ ઝડપથી અલગ કરવાનાં હોય છે. જેથી વહેલા બજારમાં પહોંચી શકાય.

(૧) શાકભાજીને પાણી શા માટે છાંટવામાં આવે છે ?

..........................................................................................................

..........................................................................................................

(૨) આ ફકરામાં આપ્યાં ન હોય તેવાં પાંચ શાકભાજીનાં નામ લખો

..........................................................................................................

..........................................................................................................

(૩) "મંડી" એટલે શું ? સમજાવો

..........................................................................................................

..........................................................................................................

(૪) કાચા શાકભાજીને અલગ શા માટે કરવામાં આવે છે ?

..........................................................................................................

..........................................................................................................

(૫) શાકભાજીને અલગ કરવા માટે કેમ ઝડપ કરવી પડે છે ?

..........................................................................................................

..........................................................................................................

# 16. કામનો મહિનો

**5 EV402 પક્ષીઓ અને પ્રાણીઓમાં રહેલ વિવિધતાઓને ઓળખે છે.**

## મને ઓળખો.



(૧) હું પાંદડાં સીવીને માળો બનાવું છુ.........................................................

(૨) મને ઓળખો મારો માળો આવો છે. .................................

(3) મારો માળો થોરના કાંટાઓમાં અથવા મહેંદીની વાડમાં જોવા મળે છે. ......................



(૪)મારો માળો ઝાડની ટોચ પર ઊંચે હોય છે. .................................

(૫)મને ઓળખો મારો માળો પાણીમાં જોવા મળે છે. .........................

**6 EV404 મોટાં કે નાના સમૂહમાં રહેતાં પ્રાણીઓમાં થતા ફેરફારોને સમજાવે છે.**

## નીચેનાં પ્રશ્નોના જવાબ આપો.

(૧) મને ઓળખીને કહો મારો માળો ક્યાં હશે ?

.......................................................................................................................

(૨) પક્ષી માળો કેમ બનાવતાં હશે ?

.......................................................................................................................

(3) મોર કરતાં કદમાં મોટાં પક્ષીઓનાં નામ જણાવો.

.......................................................................................................................

(૪) તમે કયાં પક્ષીઓના માળા જોયા છે ?

.......................................................................................................................

# 17. તેજલ અમદાવાદમાં

**7 EV403 વિસ્તૃત બનતા કુટુંબના સભ્યો સાથે પોતાના અને સભ્યોના પરસ્પરના સંબંધોને ઓળખે છે.**

**નીચેના ચિત્રનું વર્ણન છે.**



# 18. ગામ ગામનાં પાણી

**8 EV406 ખોરાક, પાણી, કપડાં જેવી મૂળભૂત જરૂરિયાતોના ઉત્પાદન અને વિતરણની પ્રક્રિયા સમજાવે છે**

**નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. ગંદું પાણી પીવાથી શું થાય ?

________________________________________

________________________________________

________________________________________

૨. ક્રીપલના ઘરે મહેમાનને પાણીને બદલે ઠંડું પીણું કેમ આપવામાં આવ્યું હતું ?

________________________________________

________________________________________

________________________________________

3. વોટરપાર્કમાં ખૂબ પાણી હતું. પરંતુ તેની નજીકના ગામમાં પાણી મળતું ન હતું. તમારા મતે આવું થવાનાં કારણો શું હોઈ શક ?

________________________________________

________________________________________

________________________________________

૪. પીવાના પાણીમાં ગટરનું પાણી ભળતાં શું થાય ?

________________________________________

________________________________________

________________________________________

**9 EV409 ગુણધર્મો અને ઘટનાઓનું અનુમાન કરે છે, પ્રમાણિત અને બિનપ્રમાણિત એકમોની ચકાસણી કરે છે.**

**નીચેના વિધાનોમાંથી ખોટા શબ્દ ચેકી નાખી વિધાન સાચું બનાવો.**

૧. શૌચાલયનો ઉપયોગ કર્યા બાદ સાબુથી/ તેલથી હાથ ધોવા જોઈએ.

૨. પીવાના પાણીના વાસણો દરરોજ/ત્રણ દિવસે સાફ કરવા જોઈએ.

3. માટલામાંથી પાણી પ્યાલાથી/ડોયાથી લેવું જોઈએ.

૪. ઝાડા અને ઊલટી થાય ત્યારે ઉકાળેલું/સાદું પાણી પીવું જોઈએ.

શિક્ષણ સાગર

# 19. સાથે જમીએ

**10 EV414 જોયેલ અને અનુભવેલ (શાળા/પરિવાર/પડોશની) બાબતો અંગે અનુભવે છે**

**નીચેક્ષા પ્રશ્નોના જવાબ લખો.**

૧. તમે ઉજાણી શા માટે કરો છો ?

---------------------------------------------
---------------------------------------------
---------------------------------------------
----------------------------------

૨. તમે વર્ગમાં કેવી કેવી ઉજાણી કરો છો ?

---------------------------------------------
---------------------------------------------
---------------------------------------------
----------------------------------

૩. તમે ઘરમાં કેવી કેવી ઉજાણી કરો છો ?

---------------------------------------------
---------------------------------------------
---------------------------------------------
----------------------------------

૪. તમારા ઘરે ઊંધિયું બને છે ? ઊંધિયું બનાવવાની રીત તમારા માતા કે વડીલ પાસેથી જાણીને લખો.

---------------------------------------------
---------------------------------------------
---------------------------------------------
----------------------------------

૫. તમને કયો તહેવાર સૌથી વધુ ગમે ? શા માટે ?

---------------------------------------------
---------------------------------------------
---------------------------------------------
----------------------------------

# 20. ખોરાક અને મજા

**11 EV410 પોતાના અવલોકનો, અનુભવો, વસ્તુઓ અંગેની માહિતી, પ્રવૃતિઓ, મહત્વની ઘટનાઓ કે મુલાકાત લીધેલ સ્થળો અંગે અલગ રીતે નોંધ કરે છે.**

**નીચેના પ્રશ્નોનો જવાબ લખો.**

૧. તમારા ઘરમાંથી કોઈ છાત્રાલયમાં રહે છે ? છાત્રાલયમાં કેવી વ્યવસ્થા હોય છે ?

........................................................................................................

........................................................................................................

૨. તમારે છાત્રાલયમાં જવાનું થાય તો તમને ગમે ? શા માટે ?

........................................................................................................

........................................................................................................

૩. તમે ક્યારે ક્યારે સમૂહમાં ભોજન લો છો ? કોની કોની સાથે ?

........................................................................................................

........................................................................................................

૪. દરરોજ તમારા ઘરે રસોઈ કોણ બનાવે છે ? તમારા ઘરે કોઈ પ્રસંગ હોય તો રસોઈ કોણ બનાવે? કેમ ?

........................................................................................................

........................................................................................................

૫. તમારા ઘરે દરરોજનું ભોજન બને અને કોઈ પ્રસંગમાં ભોજન બને એના વાસણોમાં શું ફેર હોય છે તે લખો.

........................................................................................................

........................................................................................................

શિક્ષણ સાગર

# 21. જગત મારા ઘરમાં

**12 EV403 વિસ્તૃત બનતા કુટુંબના સભ્યો સાથે પોતાના અને સભ્યોના પરસ્પરના સંબંધોને ઓળખે છે.**

**નિચેના કોષ્ટકની વિગતો પૂર્ણ કરો**

| તમારી માતા કરતાં હોય તેવા કામ | તમારા પિતા કરતા હોય તેવાં કામ | બધા જ સભ્યો સાથે મળી કરતા હોય તેવાં કામ |
|---|---|---|
| | | |

શિક્ષણ સાગર

# 22. પટોળાં

**13 EV405 રોજિંદા જીવનમાં (ખેતી, બાંધકામ, કલા, હસ્તકલા વગેરે)કૌશલ્યોનું વર્ણન કરે છે**

**તમારે કોઈ એક કલા–કારીગરી શીખવી છે, તે શીખવા માટે શું શું કરવું પડશે તે લખો.**

____________________________________
____________________________________
____________________________________

**14 EV407 ભૂતકાળ અને વર્તમાનકાળની વસ્તુ અને પ્રવૃત્તિઓ વચ્ચેનો તફાવત સમજે છે.**

**નીચે આપેલા વાક્યોમાં કઈક ભૂલ થઈ છે. તે ભૂલ સુધારી વાક્ય ફરીથી લખો.**

૧. લુહાર સંચા પર એનું કામ કરે છે.

____________________________________

૨. કડિયો એરણ વડે કડિયાકામ કરે છે.

____________________________________

૩. સુથારનો ચાકડો ફરી શકે તેવો હોય છે.

____________________________________

૪. સાળ ઉપર દરજી કાપડ બનાવે છે.

____________________________________

૫. ચાકડો સાળવીકામ માટે ખૂબ જ જરૂરી છે.

____________________________________

શિક્ષણ સાગર

# 23. દેશ–પરદેશ

**15 EV409 ગુણધર્મો અને ઘટનાઓનું અનુમાન રે છે, પ્રમાણિત અને બિનપ્રમાણિત એકમો (જેમકે કિલોગ્રામ, ગજ, પગલાં, ડગલાં, મીટર વગેરે) દ્વારા અવકાશી જથ્થા નો અંદાજ કાઢે છે તથા સાદા અને હાથવગા ઉપાયો દ્વારા કાર્યકારણ સંબંધની ચકાસણી કરે છે.**

**નીચેના દેશો નામ સાથે તેમનો ચલણ યોગ્ય રીતે જોડો.**

| ક્રમ | (અ) | જવાબ | ક્રમ | (બ) |
|---|---|---|---|---|
| (૧) | અમેરિકા | _________________ | (૧) | રિયાલ |
| (૨) | ઈંગ્લેન્ડ | _________________ | (૨) | રૂપિયા |
| (3) | ફ્રાન્સ | _________________ | (૩) | ડોલર |
| (૪) | ઈરાન | _________________ | (૪) | પાઉન્ડ |
| (૫) | ભારત | _________________ | (૫) | યુરો |
| (૬) | રશિયા | _________________ | (૬) | રુબલ |

શિક્ષણ સાગર

16 **EV412 સાઇનબોર્ડ, પોસ્ટર, નાણું (નોટ/ સિક્કા), રેલવે ટિકિટ, સમયપત્રક વગેરે માહિતીનો ઉપયોગ કરે છે.**

**નીચે આપેલી નોટનું અવલોકન કરી તેની વિગતો નીચે આપેલ જગ્યામાં ભરો.**




> નોટનું મૂલ્ય :...........................................................

> નોટ પરની ઈમારતનું નામ:................................................

> નોટનો ક્રમાંક :...............................................................

> નોટ પર કેટલી ભાષામાં મૂલ્ય લખેલું છે ..................................

> નોટ છપાયાનું વર્ષ – ......................................................

> નોટ પર લખેલ બેંકનું નામ..................................................

# 24. મસાલેદાર કોયડા

**17 EV406 ખોરાક, પાણી, કપડાં જેવી મૂળભૂત જરૂરિયાતોના ઉત્પાદન અને વિતરણની પ્રક્રિયા સમજાવે છે.**

**નીચે આપેલા મસાલાના કોઈપણ બે ઔષધીય ઉપયોગ લો.**

(૧) હળદર - (૧)______________ (૨) ______________
(૨) વરિયાળી – (૧)_____________ (૨) _____________
(૩) જીરું - (૧)_______________ (૨) _______________
(૪) અજમો – (૧)______________ (૨) _______________
(૫) મેથી (૧)________________ (૨) _______________

**18 EV415 સ્વચ્છતા અંગેનાં તથા સંસાધનોના કરકસરયુક્ત અને પુન:ઉપયોગ, પુન:નિર્માણ અંગેના ઉપાયો સૂચવે છે.**

**ખાલી જગ્યા પૂરો :**

(૧) ખાંસી થાય ત્યારે ................................ ને દૂધમાં ભેળવીને લેવાય છે.
(૨) ...................... ખાવાથી નાક અને આંખમાંથી પાણી નીકળે છે.
(3) ...................... તેજાનાનો દેખાવ ખીલી જેવો લાગે છે.
(૪) મુખવાસ અને શરબતમાં ............................ નો ઉપયોગ થાય છે.

# 25. મારો જીલ્લો

19 EV410 પોતાના અવલોકનો, અનુભવો, વસ્તુઓ અંગેની માહિતી, પ્રવૃતિઓ, મહત્વની ઘટનાઓ કે મુલાકાત લીધેલ સ્થળો અંગે અલગ રીતે નોંધ કરે છે.

**નીચે આપેલા ચિત્ર વિશે માહિતી મેળવી તેની વિગ્રત લખો.**



------------------------------------------------

------------------------------------------------

------------------------------------------------

------------------------------------------------

------------------------------------------------

------------------------------------------------

------------------------------------------------

------------------------------------------------

------------------------------------------------

20 EV411 નકશામાં દર્શાવેલા ચિહ્નો, સ્થળો અને દિશાઓ વગેરે ઓળખે છે અને તેના આધારે દિશા સૂચવે છે.

**તમારા જિલ્લામાં વિસ્તારની દષ્ટિએ સૌથી નાનો તાલુકો અને સૌથી મોટો તાલુકો કયો છે?**

સૌથી નાનો તાલુકો ................................................................................

સૌથી મોટો તાલુકો ................................................................................

**તમારા જિલ્લાની મુખ્ય સમસ્યાઓ કઈ કઈ છે ?**

................................................................................

................................................................................

શિક્ષણ સાગર

# शिक्षण सागर

**આવું તમામ ધોરણનું વિષય વાઈઝ અધ્યયન નિષ્પત્તિ આધારિત પ્રશ્નો માટે નીચે આપેલ ધોરણ સામે ક્લિક કરો.**

ધોરણ – ૩ CLICK HERE


ધોરણ – ૪ CLICK HERE

ધોરણ – ૫ CLICK HERE

ધોરણ – ૬ CLICK HERE

ધોરણ – ૭ CLICK HERE

ધોરણ – ૮ CLICK HERE





shikshansagar.com
શિક્ષણ સાગર
The King of Education

# SHIKSHAN SAGAR
## ( શિક્ષણ સાગર )
## એપ્લીકેશન ની વિશેષતા

શિક્ષણ સાગર
The King of Education
shikshansagar.com


આ એપ્લીકેશન મુખ્ય ત્રણ વિભાગમાં વહેચવામાં આવી છે .

૧. ટીચર ૨. વિદ્યાર્થી
૩. ટીચર હેલ્પ ડેસ્ક

ટીચર – ઓનલાઈન હાજરી , MDM હાજરી , SAS ગુજરાત , ગુણોત્સવ પોર્ટલ , જ્ઞાનકુંજ પ્રોજેક્ટ , GSHALA લોગીન , આધાર ડાયઝ એન્ટ્રી , શિષ્યવૃત્તિ ઓનલાઈન હાજરી , ખેલ મહાકુંભ એન્ટ્રી , ઈન્સ્પાયર એવોર્ડ એન્ટ્રી , CPF ચેક કરો , ઓનલાઈન PLI – LIC ભરો .

અમારા શિક્ષણ સાગર વોટ્સઅપ ગ્રુપમાં જોઈન થાઓ.

શિક્ષણ સાગર
JOIN GROUP



વિદ્યાર્થી – પાઠ્યપુસ્તક , પાઠ આયોજન , શિક્ષક આવૃત્તિ , સ્વ અધ્યયનપોથી , ઓનલાઈન MCQ , યુનિટ ટેસ્ટ , એકમનું સ્વાધ્યાય , MP3 કાવ્ય , અધ્યયન નિષ્પતી , અધ્યયન નિષ્પતી આધારિત પ્રશ્નો , સંદર્ભ સાહિત્ય અને આ બધું પાઠ વાઈઝ

ટીચર હેલ્પ ડેસ્ક – શિક્ષક ઉપયોગી મટેરિયલ્સ , તમારું બનાવેલું મટેરિયલ્સ અમને આપો , તમારે જે મટેરિયલ્સ જોઈએ તે અમને કહો , મૂંઝવણ અને માર્ગદર્શન .

અમારા શિક્ષણ સાગર એપ્લીકેશન પ્લે–સ્ટોર માંથી ડાઉનલોડ કરો.

JOIN
શિક્ષણ સાગર
APPLICATION